# ટેક્નોલોજીથી અવગત ટ્રેઈન્ડ મેનપાવર હોવો જરુરી : મોદી

## વડાપ્રધાને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ભાગ લીધો : રક્ષાનો મતલબ યુનિફોર્મ, પાવર કે હાથમાં ડંડાનો નથી : વડાપ્રધાન

ગુજરાત પ્રવાસના બીજા દિવસે દહેગામમાં રોડ શો કર્યા બાદ પીએમ મોદીએ આજે રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં હિસ્સો લીધો હતો. અહીં વિદ્યાર્થીઓને સંબોધતા પીએમે જણાવ્યું હતું કે, રક્ષાનું ક્ષેત્ર ખૂબ જ વિસ્તૃત છે અને તેમાં વેલ ટ્રેઈન્ડ મેન પાવર સમયની માગ છે. ૨૧મી સદીમાં આ ક્ષેત્રમાં જે પડકાર આવવાના છે તેને અનુરુપ આપણી વ્યવસ્થા વિકસિત થાય અને તેને સંભાળનારા વ્યક્તિત્વનો પણ વિકાસ થાય તે હેતુથી રાષ્ટ્રીય રક્ષા યુનિ.ની સ્થાપના કરવામાં આવી છે. પીએમે જણાવ્યું હતું કે, આ ક્ષેત્ર દેશની સેવા કરવાનું એક મહત્વનું ક્ષેત્ર છે. પીએમે જણાવ્યું હતું કે, આજનો દિવસ સ્ટૂડન્ટ્સ, વાલીઓ અને ટીચર્સ માટે ખૂબ જ મહત્વનો તો છે જ, પરંતુ સાથે મારા માટે પણ એક યાદગાર અવસર છે. જે કલ્પના સાથે આ યુનિવર્સિટીનો જન્મ થયો હતો તેની પાછળ એક લાંબી વિચારપ્રક્રિયા સામેલ હતી. ખાસ્સી મથામણ બાદ આ યુનિ.નું એક નાનકડું સ્વરુપ ગુજરાતની ધરતી પર આકાર લઈ શક્યું હતું. અંગ્રેજોના સમયમાં આ ક્ષેત્ર એક રુટિન કામનો હિસ્સો હતું, અને કદ કાઠી ધરાવતા લોકોને તેમાં નોકરીએ રાખવામાં આવતા હતા જેમનું કામ એક પ્રકારે ભારતીયો પર ડંડો ચલાવવાનું હતું. જોકે, આઝાદી બાદ તેમાં આમૂલ પરિવર્તનની આવશ્યકતા હતી, પરંતુ દુર્ભાગ્યથી દેશમાં તે દિશામાં જરુર અનુસાર કામ ના થઈ શક્યું. જેના કારણે આજે પણ પોલીસ વિષેની એવી અવધારણા પ્રવર્તે છે કે તેમનાથી બચીને રહેવું, તેમનાથી દૂર રહેવું. સેનાના જવાનો પણ યુનિફોર્મમાં હોય છે, પરંતુ તેમના પ્રત્યેની માનસિકતા અલગ છે. તેવામાં ભારતમાં સામાન્ય માણસના મનમાં એક વિશ્વાસની અનુભૂતિ કરાવે તેવા મેન પાવરને લાવવાની જરુરિયાત હતી. આજે રક્ષાનો મતલબ યુનિફોર્મ, પાવર કે હાથમાં ડંડાનો નથી. આ ક્ષેત્રએ આજે અનેક નવા રંગરુપ ધારણ કર્યા છે. તેની સામેના પડકારો પણ વધ્યા છે. આજે સેકન્ડોમાં સ્થિતિ બદલાઈ જાય છે તેવામાં ટેક્નોલોજીથી અવગત હોય, નવી પેઢી સાથે વાતચીત કરવાની ક્ષમતા ધરાવતો હોય તેવો ટ્રેઈન્ડ મેનપાવર હોવો જરુરી છે. લોકતંત્રમાં જનતાને સર્વોપરી માની અસામાજીક તત્વો પર સખ્તાઈ અને સમાજના લોકો પ્રત્યે નરમાઈની માનસિકતા કેળવવી જરુરી છે. આપણા દેશનું દુર્ભાગ્ય છે કે ફિલ્મો અને અખબારોમાં સૌથી ભદ્દો ચહેરો પોલીસવાળાનો જ રજૂ કરવામાં આવે છે. જેના લીધે સમાજમાં પોલીસની જે છબી સમાજ સમક્ષ રજૂ થવી જોઈએ તે નથી થઈ શકી. જોકે, સોશિયલ મીડિયામાં કોરોનાકાળ દરમિયાન પોલીસે કરેલી સારી કામગીરી દર્શાવતા વિડીયો વાયરલ થયા, અને પોલીસના માનવીય ચહેરાથી સામાન્ય લોકો અવગત થયો હતો, પરંતુ હવે આ ટ્રેન્ડ અટકી ગયો છે. હવે સામાજીક માળખું બદલાતા જવાનોમાં સ્ટ્રેસનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે સ્ટ્રેસ ફ્રી એક્ટિવિટીની ટ્રેઈનિંગ જરુરી બની છે. ત્યારે રક્ષા શક્તિ યુનિ. એવા ટ્રેઈનર પણ તૈયાર કરી શકશે કે જે પોલીસકર્મીઓ, સેનાના જવાનોને સ્ટ્રેસ ફ્રી રાખવામાં સક્રિય ભૂમિકા અદા કરી શકશે. તે જ રીતે ટેક્નોલોજી સાથે અવગત રહેવું પણ રક્ષા ક્ષેત્રના લોકો સાથે એટલું જ જરુરી છે.

જે પ્રકારે સાયબર સિક્યોરિટી એક મોટો ઈશ્યૂ બની રહી છે, અને ક્રાઈમમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે ત્યારે ક્રાઈમ સોલ્વ કરવામાં પણ ટેક્નોલોજી ઉપયોગી બની રહી છે. જોકે, યોગ્ય વ્યક્તિના હાથમાં યોગ્ય હથિયાર અને સમય પર કામ કરવાનું સામર્થ્ય કેળવવું ટ્રેઈનિંગ વિના શક્ય નથી. પીએમે કેદીઓ સારા મનુષ્ય બનાવી જેલમાંથી બહાર નીકળે તે માટે પણ કાર્ય કરી શકે તેવા લોકોને તૈયાર કરવા માટે પણ રાષ્ટ્રીય રક્ષા યુનિ.ને હાંકલ કરી હતી.






## દહેગામ સાત ગરનાળા વિસ્તારમાં રોડ શૉ દરમિયાન ગાય કાફલા વચ્ચે ઘુસી..

ગાંધીનગર, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે ગુજરાત મુલાકાતના બીજા દિવસે યોજાયેલ રોડ શૉ એ પાટનગર જ નહિ પણ રાજ્ય રાજકીય ગણિતજ્ઞોમાં પણ ચર્ચાનો મુદ્દો બની ગયો હતો.

સવારે મુખ્યમંત્રી સાથે વડાપ્રધાન રાજભવન ખાતેથી ૧૦.૨૦ કલાકે દહેગામ-લવાડ રક્ષાશક્તિ યુનિ. જવા રવાના થયા હતા. ચિલોડા સર્કલ પાસે તેમને સત્કારવા અને તેમની એક ઝલક મેળવવા હજ્જારો માણસ એકત્ર થયા હતા. ત્યાં તેમણે ગાડીનો દરવાજો ખોલી લોકોનું અભિવાદન ઝીલ્યુ હતુ.

આ પછી મગોડી થઈ તેઓ દહેગામમાં પ્રવેશ્યા હતા જ્યાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે તેમનું સ્વાગત કર્યુ હતુ. આ પછી ખુલ્લી જીપમાં તેમણે મુખ્યમંત્રીને સાથે રાખ્યા હતા.

દહેગામમાં તેમના રોડ શૉ દરમ્યાન સાત ગરનાળા વિસ્તારમાં કાફલો આગળ વધી રહ્યો હતો ત્યારે વચ્ચે ગાય આવી જવા પામી હતી પરંતુ કાફલો ધીમી ગતિએ હોવાથી ગાયને દૂર કરી દેવામાં આવી હતી.

આજે દહેગામના રોડ શૉ માં મહિલાઓ અને યુવાઓ મોટી સંખ્યામાં મોદીની એક ઝલક મેળવવા પડાપડી કરતા નજરે પડ્યા હતા એટલુ જ નહિ મોદી...મોદી...ના નારાઓથી આકાશ ગજવી દીધુ હતુ. મોદીના એક ઝલક મેળવવા લોકો આગાશી પર પણ ચડી ગયા હતા અને મોબાઈલથી ફોટા પાડતા પણ નજરે પડ્યા હતા.

## કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાના વધુ ૫૧ કેસ નોંધાયા : વધુ ૩ લિકેજ મળ્યા

### ૨૬ દર્દીઓ ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૧૨

કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાના આજે વધુ ૫૧ કેસ મળી આવેલ છે. આ સાથે શહેરમાં આજ સુધીમાં પાણીના રોગચાળાના કુલ ૫૨૪ કેસ નોંધાયા છે.

૬ઠ્ઠી માર્ચથી પાણીજન્ય રોગચાળાએ કલોલ શહેરના જનજીવનને અસ્તવ્યસ્ત કરી દીધુ છે. શહેરમાં આજે વધુ ૩ પાણીના લિકેજીસ મળ્યા છે. આમ અત્યાર સુધીમાં ૧૮ લિકેજ મળી આવેલ છે.

શહેરની ૬૮ જેટલી સોસાયટીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં આવેલી છે. શહેરમાં પાણીજન્ય રોગચાળાનો ડાઉન ટ્રેન્ડ શરૂ થયો છે અને આગામી બે એક દિવસમાં પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ આવી જશે તેમ જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં સઘન સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. આજે રજાનો દિવસ હોવા છતાં સર્વેલન્સની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. ટીમોએ આજે ૩૫૩૦ ઘરોને આવરી લઈ સર્વેલન્સ કરેલ. ૧૨ હજારથી વધુ વસ્તીને સર્વેલન્સમાં આવરી લેવામાં આવી હતી.

પાણીના વધુ ૪ સેમ્પલનો રિપોર્ટ પીવાલાયક નહિ હોવાનું આવતાં નગરપાલિકાની ટીમોએ પણ લિકેજીસ શોધવાની કામગીરી સઘન રીતે હાથ ધરી છે. આજે મળેલા ૩ નવા લિકેજીસને રિપેર કરી દેવામાં આવ્યા હોવાનું ન.પા.ના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં ઝાડા-ઉલ્ટીના આજે ૨૬ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકી ૨૦ દર્દી કલોલ સી.એચ.સી.માં અને ૨ દર્દી ગાંધીનગર સિવિલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે.

તંત્રએ ૨૪,૧૪૭ ઓ.આર.એસ. અને ૨૪,૪૧૦ જેટલી ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કરેલ છે. દરેકને પરિસ્થિતિ પૂર્વવત થાય નહિ ત્યાં સુધી પાણી ઉકાળીને પીવાની સલાહ પણ આપવામાં આવી રહી છે.

### ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ - ગાંધીનગર દ્વારા

## પ્રથમ ‘પ્રિ-લિટિગેશન અને લોકઅદાલત’નું આયોજન

ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ - ગાંધીનગર દ્વારા ‘રાષ્ટ્રીય લોક અદાલત દિન’ નિમિત્તે ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ દ્વારા રાજ્યકક્ષાની પ્રિ-લિટિગેશન અને લોકઅદાલતનું આયોજન પાટનગર ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં મુત્વલ્લીઓ અને પક્ષકારો ઉપસ્થિત હતા. ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલના ચેરમેન એ. આઈ. શેખ, સભ્ય ડૉ. રિઝવાન કાદરી અને મુકેશ પંડ્યા ઉપરાંત વકફ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી દ્વારા ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વકફ ટ્રિબ્યુનલના સભ્ય ડૉ. રિઝવાન કાદરીએ ઉપસ્થિત લોકોને સંબોધતા જણાવ્યું કે ‘વકફ’નો ઉદ્દેશ ધાર્મિક અને પવિત્ર હોવાની સાથેસાથે ‘નિઃસ્વાર્થ ભાવના’ પણ હોવો જોઈએ. આ ભાવનાથી જ વ્યક્તિ પોતાની માલ-મિલકત સ્વૈચ્છિક રીતે ‘વકફ’ કરે છે. આ રીતે ‘વાકિફ’ (દાતા) દ્વારા ‘વકફ’નું નિર્માણ થાય છે. ત્યારે આપણે સૌ વકફ મિલકતના સંરક્ષણ, સવર્ધન અને વિકાસ માટે યથા યોગ્ય યોગદાન આપીએ.

આગામી દિવસોમાં વિવિધ જિલ્લા મથકોમાં થાય તે દિશામાં પ્રયત્ન કરવા પડશે. તો જ લોકઅદાલતની પ્રવૃત્તિને વેગ મળે અને લોકઅદાલતની પ્રવૃત્તિથી સામાન્ય જનતા વાકેફ થશે અને સાર્થકતા જળવાશે.

વકફ મિલકતોની જાળવણી, વિકાસ, સંરક્ષણ અને સંવર્ધન માટે ગુજરાતમાં પણ વકફ બોર્ડ કાર્યરત છે. વકફ સંબંધી કોઈપણ તકરાર, ભાડુઆત દૂર કરવા, પટ્ટેદાર સંબંધી પ્રશ્નોના નિવારણ માટે અથવા વકફ બોર્ડ દ્વારા આપવામાં આવેલા ચૂકાદા સામે વકફ ટ્રિબ્યુનલમાં દાવો માંડી શકાતો અથવા અપીલ કરી શકાતી હતી. આ સત્તા જિલ્લાની સિવિલ કોર્ટની રહેતી હતી. ૨૦૧૩માં વકફ સુધારા અધિનિયમની અમલમાં આવતા ૨૦૧૬થી ‘ગુજરાત રાજ્ય વકફ ટ્રિબ્યુનલ’ કાર્યાન્વિત છે. પ્રિ-લિટિગેશનના ૨૨૧ કેસ અને લોકઅદાલતમાં પક્ષકારો વચ્ચે સંમતિથી ૧૦૦ કેસનું સમાધાનના માર્ગે આજરોજ નિરાકરણ કરવામાં આવ્યા હતા. જેને કારણે પક્ષકારોને તકરારમાં પડવું પડતું નથી અને સમય તથા નાણાંનો વ્યય થતો અટકે છે, સમાજમાં સૌહાર્દનું વાતાવરણ જળવાઈ રહે છે.





ધીમે ધીમે ગરમી વધી રહી છે. તડકો આકરો બનવા લાગ્યો છે. દિવસ દરમિયાન બહાર નીકળો તો હવે ગળું સુકાવા લાગે છે. ઉનાળો શરૂ થતાં જ રાહદારીઓના લાભાર્થે ઠેર ઠેર પરબો શરૂ થઈ ચુકી છે. ઘ-૨ નજીક પાણીની પરબ શરૂ થતાં રાહદારીઓને ખૂબ જ રાહત થઈ છે.

### મોરપીંછના રંગ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

તરોતાજા કરી દે છે. ગીતો અને સંગીત આખા ફિલ્મને ભાવવિભોર બનાવે છે. આલિયા ભટ્ટનો જાનદાર અભિનય આખી ફિલ્મનો ભાર ઉપાડી લે છે. એની ભાષા, બોલવાની અને ચાલવાની સ્ટાઈલ, મોંમાંથી નીકળતી ગાળો, લટકા મટકા, શરીરના વળાંકો, આજથી સિત્તેર વર્ષ પહેલાનો સમય, મકાનો, ગાડીઓ, આ બધાની ભવ્યતા માત્ર સંજય લીલા ભણસાળીની ફિલ્મોમાં જ હોઈ શકે છે. જાણે કે ફિલ્મ જોનાર સૌ કમાટીપુરામાંથી પસાર થતા હોય એવી અનુભૂતિ કરાવે છે.

જો એક ગંગુબાઈ થઈને પણ જીવનનું ઝેર પચાવીને આવી પડેલી મુશ્કેલીઓનો સામનો હિંમતથી કરીને ‘‘ગંગુબાઈ કાઠિયાવાડી’’ બને છે. અનેક પડકારોની સામે એકલી લડે છે. અને પોતાની સૂઝથી પોતાના વિસ્તારની લેડી ડૉન અને પ્રેસિડેન્ટ પણ બનીને છેક દેશના વડાપ્રધાન સુધી પહોંચે છે. જાહેર મંચ ઉપર હજારો માનવમેદનીની સામે વિના સંકોચ નીડરતાથી પોતાના વેશ્યાજીવનની સચ્ચાઈને ખૂલી કરીને આખા સુશિક્ષિત સમાજને શરમાવી દે છે. જ્યારે આજનો યુવાન કે યુવતીઓ પોતાની અંદરની તાકાતને ઓળખ્યા વિના માત્ર અને માત્ર સરકારી ક્લાર્કની નોકરી મળી જાય કે શિક્ષક બની જવા માટે પોતાના અમૂલ્ય પાંચ – સાત વરસ સાચી ખોટી મહેનતમાં ગુમાવી દે છે. અથવા તો જિંદગીમા અમૂલ્ય વર્ષો મોબાઈલમાં સોશિયલ મીડિયામાં કે મિત્રોની સાથે મોજ મસ્તીમાં ગુમાવી દે છે.

જો એક ગંગુબાઈ જેવી વેશ્યા પણ જો પોતાના બદનામ ક્ષેત્રમાં ટોચે પહોંચી શકતી હોય, પોતે ઈજ્જત કમાઈ શકતી હોય તો, આજની યુવાપેઢી પાસે તો પરિવારનો, મિત્રોનો સાથ છે. આર્થિક રીતે સંપન્નતા અને બધી સવલતો છે છતાંય પોતાના ક્ષેત્રમાં ટોચે તો નહી પણ પાસ પણ થતા નથી. અને પછી ઘરમાં બે ટાઈમ જમવાનું મળી જતું હોવાથી, હાથખર્ચી માટે ઘરમાંથી થોડાઘણા રૂપિયા મળી જતા હોવાથી બેફિકર થઈને જિંદગી જીવ્યે રાખે છે. આવા લાખો કરોડો યુવાનો આપણા દેશનું ભાવિ કેવી રીતે બની શકે ? જે ખુદનું ભાવિ બનાવી શકતા નથી તેઓ પાસેથી દેશના ભાવિની અપેક્ષા રાખવી પણ વ્યર્થ છે.

- 9426060601.india@gmail.com

## પાર્લર ગયા બાદ સોનાના દાગીના અને ત્રણ લાખના બેગની ચોરી

### જ્વેલર્સને ત્યાં કામ કરતો કર્મચારી ત્રણ લાખ રોકડા અને દાગીના એક્ટિવાની ડેકીમાં મૂકીને પાન પાર્લર પર ગયો હતો

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ શહેરનાં વેપારીઓ માટે એક ચેતવણીરૂપ કિસ્સો રામોલ વિસ્તારમાં સામે આવ્યો છે. જ્વેલર્સને ત્યાં કામ કરતો કર્મચારી રૂપિયા ત્રણ લાખ રોકડા અને ૨૩ લાખ રૂપિયાનાં દાગીના એક્ટિવાની ડેકીમાં મૂકીને પાન પાલર પર ગયો ત્યારે ગઠિયાઓ ડેકીમાંથી ગણતરીની સેકંડોમાં બેગની ઉઠાંતરી કરીને પલાયન થઈ ગયો છે. શહેરનાં મહાદેવનગર વિસ્તારમાં સુવર્ણ રાજ નામની સોનાની દુકાન ધરાવતા રમેશભાઈ પટેલ દ્વારા આ પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે કે ૯મી માર્ચે તઓ દુકાન પર હાજર હતા ત્યારે ખોખરા વિસ્તારમાં જ્વેલર્સ ધરાવતા તેમના ભાગીદારનાં પિતરાઈ ભાઈ હિમાંશુભાઈનો ફોન આવ્યો હતો અને એક ગ્રાહક માટે સોનાનાં જડતરનાં દાગીના તેમજ રૂપિયા ૩ લાખ રોકડાની તેમને જરૂર છે તેથી મોકલવાંની માંગણી કરી હતી. જે લેવા માટે ફરિયાદીની દુકાન પર હિમાંશુભાઈનો કર્મચારી ભાગ્ય શાહ અને નીશ શાહ આવ્યાં હતા. ફરિયાદીએ તેઓને ૪૪૩ ગ્રામ દાગીના જેની કિંમત રૂપિયા ૨૩ લાખ અને રૂપિયા ૩ લાખ રોકડા આપ્યા હતા. જે બેગ એકટીવાની ડીકીમાં મૂકી અને બન્ને કર્મચારીઓ મહાદેવ નગરના ટેકરા પર આવેલ પાન પાર્લરમાં ગયા હતા. જો કે આ સમયે ગ્રાહકને આજે દાગીના જોઈતા નથી જેથી દાગીના પરત આપીને રૂપિયા ૩ લાખ રોકડા લઈને આવવા માટેનો ફોન આવતા બંને કર્મચારી ફરિયાદીની દુકાને પરત ગયા હતા.

આ સમયે ડેકી ખોલતા તેમાંથી સોનાના દાગીના અને રોકડ રકમ ગાયબ હતી. જે અંગેની જાણ ફરિયાદીને કરતા તેઓ પાન પાર્લર પર પહોંચ્યા હતા. અને આસપાસ માં તપાસ કરતા કંઈ મળી આવ્યું માં હતું. જેથી નજીકમાં સીસીટીવી જોતા જાણવા મળ્યું હતું કે બે ગઠિયાઓ એકટીવાની ડેકી ખોલીને તેમાંથી બેગની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયા છે. જે અંગેની જાણ પોલીસને કરતા હાલમાં પોલીસ એ ફરિયાદ નોંધીને સીસીટીવી ફૂટેજના આધારે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### નવતર યોજના...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજનાના અમલીકરણ માટેની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે. આ માટે વિભાગો સાથે અને અધિકારીઓ સાથે બેઠકોનો દોર પૂર્ણ થઈ ગયો છે. કુપોષણમુક્તિ અભિયાન એ સતત ચાલતુ અભિયાન છે. કુપોષિત માતા સ્વસ્થ બને તે જરૂરી છે. આથી આ યોજનામાં ત્રણેય પાસા આવરી લેવામાં આવ્યા છે. આ રો-રાશન કીટ બાળક બે વર્ષનું થાય ત્યાં સુધી અપાશે. સગર્ભા અને બાળક બે વર્ષનું થાય એટલે કે ૧૦૦૦ દિવસ જેટલો સમયગાળો થવા જાય છે અને તંત્ર દ્વારા આ માટેની લગભગ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

### ભાવ-વિભોર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આંખોના ઈશારાથી જણાવ્યુ અને શંભુજી ફૂલહાર સાથે દોડ્યા હતા. ગાડી ધીમી પડી ગઈ અને કમાન્ડોએ શંભુજીનો હાર લઈ ગાડી પર મુકી દીધો. વડાપ્રધાન મોદી સાથે આંખોના ઈશારાઓની રમત જોઈ કાર્યકરો પણ આનંદ વિભોર બની ગયા હતા. ચિલોડા પંથક અને દહેગામ પંથકની તેમની સ્મૃતિઓને કાર્યકરોએ વાગોળી હતી. પ્રચારક તરીકે ચિલોડા બસસ્ટેન્ડ નજીક તેઓ પાન ખાતા અને કાર્યકરો સાથે બેસી વાતો કરતા તે દિવસો યાદ કરી કાર્યકરોએ ખુશી વ્યક્ત કરી હતી. દહેગામમાં તો તેઓ સાયકલ પર ફરતા હતા. દહેગામ તાલુકાનો કંથારપુર વડ એ તેમની પ્રિય જગ્યા હતી અને હાલ તેના વિકાસની કામગીરી ચાલી રહી છે. તેમણે આજે તેની પણ જાણકારી લીધી હોવાનું જાણવા મળેલ છે. શંભુજી ઠાકોરે મોદી સાથેના સંસ્મરણોને યાદ કરી કહ્યુ હતુ કે ૨૦૦૭માં મને બોલાવી ટિકિટ આપી હતી. તેરમી વિધાનસભામાં મને ઉપાધ્યક્ષ પણ બનાવી કાર્યકર તરીકેનું ગૌરવ અપાવ્યું હતું. આજે જે કંઈ છે તે તેમના થકી જ છે તેમ કહેતાં કહેતાં તેઓ ભાવવિભોર બની ગયા હતા.

### ઉભર્યુ છે...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેવી રીતે રાજકારણમાં ભાઈ-ભત્રીજા વાદ ઘૂસી ગયો છે તેવી જ રીતે રમતોમાં પણ ખેલાડીઓની પસંદગીમાં પણ થયું છે. ખેલાડીઓની પ્રતિભા મુશ્કેલીઓનો સામનો કરવામાં જ વપરાઈ જતી હતી. પરંતુ આજે ભારતીય યુવા આજે આકાશને આંબી રહ્યા છે. ગોલ્ડ અને સિલ્વર મેડલની ચમક દેશના આત્મવિશ્વાસને પણ ચમકાવી રહ્યા છે અને ચમત્કારનો અનુભવ પણ કરાવી રહી છે. વિશ્વનો સૌથી યુવાન દેશ રમતના મેદાનમાં પણ એક તાકાત બનીને ઊભર્યો છે. ટોક્યો ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ તેમાં આપણા ખેલાડીઓએ આ પરિવર્તનને સાબિત કર્યુ છે. ટોક્યો ઓલિમ્પિક્સમાં ભારતે પ્રથમ વખત સાત મેડલ જીત્યા છે. આ જ રેકોર્ડ ભારતના દીકરા-દીકરીઓએ ટોક્યો પેરાલિમ્પિકમાં પણ બનાવ્યો. ભારતે આ વૈશ્વિક સ્પર્ધામાં ૧૯ મેડલ જીત્યા. પરંતુ આ તો હજી શરૂઆત છે. ભારત રોકાવાનું નથી અને ભારત થાકવાનું નથી. મને મારા દેશની યુવા શક્તિ પર વિશ્વાસ છે. મને મારા દેશના યુવા ખેલાડીઓની તપસ્યા પર વિશ્વાસ છે. મને મારા દેશના યુવા ખેલાડીઓના સપના, સંકલ્પ અને સમર્પણ પર વિશ્વાસ છે. તેથી આજે હું લાખો યુવાનો સામે હિંમત સાથે કહી શકું છું કે ભારતની યુવા શક્તિ આને ઘણા આગળ સુધી લઈ જશે. તે દિવસ હવે દૂર નથી જ્યારે આપણે ઘણી રમતોમાં ઘણા ગોલ્ડ એક સાથે જીતવાના છીએ. ભારતનો ત્રિરંગો પણ લહેરાતો હશે. આ વખતે યુક્રેનથી જે યુવાનો પાછા આવ્યા છે, યુદ્ધના મેદાનમાંથી આવ્યા છે, દારૂગોળાની વચ્ચેથી આવ્યા છે. આવીને તેમણે કહ્યું કે આજે ત્રિરંગાની આન, બના અને શાન શું છે તે અમે યુક્રેનમાં અનુભવ્યું છે. પરંતુ હું એક બીજા દ્રશ્ય તરફ તમને લઈ જવા ઈચ્છું છું, જ્યારે આપણા ખેલાડીઓ મેડલ મેળવીને પોડિયમ પર ઊભા રહેતા હતા અને ત્રિરંગો લહેરાતો હતો અને રાષ્ટ્રગાન ગવાતું હતું ત્યારે આપણા દેશના ખેલાડીઓની આંખોમાંથી ગૌરવ અને ખુશીના આંસુ છલકતા હતા. આ છે દેશભક્તિ.